# શ્રી.આર.આર.લાલન કોલેજ,ભુજ

## B.A.-B.Sc.SEM-1/3/5-[CBCS] નાં A.T.K.T.પરીક્ષાના ફોર્મ બાબત

## માત્ર [CBCS] ના વિદ્યાર્થીઓ માટે જ

તા-**02/09/2025**

**આથી આ કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને જણાવવાનું કે આગામી B.A.-B.Sc.SEM-1/3/5 [CBCS] ની કોલેજની આંતરિક પરીક્ષા અને યુનિવર્સીટીની પરીક્ષા માટેનાં A.T.K.T. પરીક્ષાના ફોર્મ ભરવા માટે નીચેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.**

**(1)** સેમેસ્ટર-**1/3/5** માં કોલેજની આંતરિક પરીક્ષા તેમજ યુનિવર્સીટીની પરીક્ષા માટે વિધાર્થીઓએ **www.rrlalancollege.in** ઉપર આપવામાં આવેલા **A.T.K.T. EXAM FORM** ના મેનુ માંથી પોતાનું ઓનલાઈન **A.T.K.T.** નું પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

**(2)** વિધાર્થી દ્વારા ભરવામાં આવતા ઓનલાઈન પરીક્ષા ફોર્મની કોલેજ દ્વારા ચકાસણી શક્ય ન હોય વિધાર્થીએ ખુબજ કાળજી થી ફોર્મ ભરવાનું રહેશે.

**(3)** વિધાર્થી દ્વારા ફોર્મ માં પોતાનું સેમેસ્ટર, **PRN** નંબર, નામ અને જે વિષયમાં કોલેજની આંતરિક પરીક્ષા તેમજ યુનિવર્સીટીની પરીક્ષા આપવાની હોય તે જ વિષય અને પેપરનું બોક્સ વિધાર્થીએ ટીક કરવાનું રહેશે વિષય અને પેપરમાં ટીક માર્ક ખુબજ ધ્યાનથી કરવા વિધાર્થી દ્વારા ટીક માર્ક્સ કરવામાં આવેલા જ પેપર આંતરિક પરીક્ષા અને યુનિવર્સીટી પરીક્ષામાં આપવા દેવામાં આવશે તેની દરેક વિધાર્થીએ ખાસ નોંધ લેવી.

**(4) A.T.K.T.** પરીક્ષાના ઓનલાઈન ફોર્મ માં જે સેમેસ્ટર માટે પરીક્ષા ફોર્મ ભરવામાં આવતું હોય તે સેમેસ્ટરની અંતિમ માર્કશીટની **JPG** ઈમેજ અપલોડ કરવાની રહેશે માર્કશીટ અપલોડ ન કરી હોય કે ખોટી માર્કશીટ અપલોડ કરી હશે તો પરીક્ષા ફોર્મ રદ કરવામાં આવશે તેની તમામ વિધાર્થીઓએ નોંધ લેવી.

**(5)** વિધાર્થી દ્વારા જેટલા પેપર અને વિષય ટીક માર્ક્સ કરવામાં આવશે તેને આધારે સોફ્ટવેર ફી ની ગણતરી કરશે તેથી વિધાર્થી દ્વારા ભૂલ થી વધુ ટીક માર્ક્સ કરવામાં આવશે તો તેની ફી પરત મળવા પાત્ર નથી તેની નોંધ લેવી.

**(6) A.T.K.T.**પરીક્ષાની ફી ઓનલાઈન જ ભરવાની રહેશે તેમજ ફી ભરાઈ ગયા પછી પ્રિન્સિપાલની સહી સાથેની ફીની પહોચ વિધાર્થીને ઓનલાઈન જ મળશે અને જે વિધાર્થીને ઓનલાઈન પહોંચ મળી હશે તે જ વિધાર્થીનું **A.T.K.T.** નું ફોર્મ સબમીટ થયું હશે તેની વિધાર્થીઓએ ખાસ નોંધ લેવી.

**(7)** જો વિધાર્થીનું ઓનલાઈન પેમેન્ટ **FAIL** થાય તો ૭૨ કલાક બાદ વિધાર્થીના પેમેન્ટ કરેલા નાણા તેના ખાતામાં પરત થશે. જો ૭૨ કલાક પછી પણ **FAIL** પેમેન્ટનાં નાણા જો પરત ન આવે તો કોલેજનો (રૂમ નં-129) સંપર્ક કરવો.

**(8)** ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરવાની નિયત સમય મર્યાદા બાદ કોલેજ દ્વારા નિયત કરવામાં આવેલ લેઈટ ફી ભરવાની રહેશે.

**(9)** જે વિદ્યાર્થીને અગાઉ યુનિવર્સીટી પરીક્ષામાં કોઈપણ પેપરમાં કોપીકેસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા પહેલા કોલેજનો સંપર્ક (**129** માં) કરવાનો રહેશે.

**ઓનલાઈન A.T.K.T. પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ -06/09/2025 TO 16/09/2025**